GJVD010078882022

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૬ – ૧૦ – ૨૦૨૨ | | |
| નોંધ્યા તારીખ | : | ૦૬ – ૧૦ – ૨૦૨૨ | | |
| ફૈંસલ તારીખ | : | ૧૦– ૧૦ – ૨૦૨૨ | | |
| સમયગાળો | : | ૦૦ | ૦૦ | ૦૫ |
| | | વર્ષ | માસ | દિવસ |

# વડોદરાના દશમા એડીશ્નલ સેશન્સ જજની કોર્ટમાં, વડોદરા.

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૧૯૮/૨૦૨૨**

**આંક–૦૬**

**અરજદારઃ** **હરીશ રૂપરામ ઉર્ફે રૂપેન્દ્ર શર્મા,**
ઉંમરઃ ૪૦, ધંધોઃ વેપાર,
રહેવાસીઃ એ–૧૭, શીવમ રેસીડન્સી,
રેવા પાર્ટી પ્લોટ પાસે,
તરસાલી બાયપાસ,વડોદરા.
હાલ રહેવાસીઃ મુનીમજી કી બાડી,
સુભાષ કોલોની, કુચામન રોડ,
ડીડવાના, જિલ્લોઃ નાગોર, રાજસ્થાન.

**વિરૂદધ**

**સામાવાળાઃ** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષયઃ** **ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૯(૧)(બી) અન્વયે જામીનની શરત રદ કરવા બાબત.**

---

શ્રી આઇ.એ.શેખ, આરોપી તરફે વિ. વકીલશ્રી
શ્રી બી.એસ.પુરોહિત, સરકાર તરફે વિ. સરકારી વકીલશ્રી

---

## ચુકાદો

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૯(૧)(બી) અન્વયે હાલની અરજી રજુ કરીને, અરજદાર–આરોપીએ ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૩૨/૨૦૨૦ ની આગોતરા જામીન ના હુકમ માં મુકવામાં આવેલ

શરત નં.૫ (અરજદાર/આરોપીએ જામીન ઉપર છુટ્યા બાદ તપાસ પુરી થતાં સુધી દરેક અંગ્રેજી માસની ૫ મી તારીખે સવારના ૦૯.૦૦ થી ૦૩.૦૦ કલાક ની વચ્ચે સબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી) ને રદ કરવા દાદ માંગેલ છે.

૨. અરજીની ટુંકમાં હકીકત જોઇએ તો, અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ સામે ગોરવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૧૯૬૦૦૭૨૦૦૬૨૬/૨૦૨૦ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૦૬, ૪૨૦ તથા ૧૨૦(બી) મુજબનો ગુન્હો નોંધાયેલ, સદર ગુન્હાના કામે અરજદાર/આરોપી ની ધરપકડ થાય તેવી શક્યતા હોય અરજદાર/આરોપી એ કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નંબર-૧૧૩૨/૨૦૨૦ થી આગોતરા જામીન અરજી દાખલ કરેલી. સદરહુ આગોતરા જામીન અરજી તારીખઃ૦૬.૦૭.૨૦૨૦ ના રોજ રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન આપેથી શરતોને આધીન અરજદાર/આરોપી ને જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલો. અરજદાર/આરોપી એ આજદીન સુધી કોર્ટે આગોતર જામીન અરજી વખતે મુકેલી તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરેલ છે. સદર ગુનાના કામે બે વર્ષ ઉપરાંતનો સમય થયો હોવા છતાં આજદીન સુધી તપાસ કરનાર અમલદારે તપાસ પુરી કરી કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ કરેલ નથી જેના કારણે અરજદારે કોર્ટ ના હુકમમાં જણાવેલી શરત નંબર ૫ મુજબ અરજદારે જામીન પર છુટ્યા બાદ તપાસ પુરી થતાં સુધી દરેક અંગ્રેજી માસની ૫ મી તારીખે સવારના ૦૯.૦૦ થી ૦૩.૦૦ કલાકની વચ્ચે ગોરવા પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવતા આવેલા છે. અરજદાર ના પિતા રૂપરામ ઉર્ફે રૂપેન્દ્ર ગોપીજી શર્મા નાઓને તા.૧૪.૦૧.૨૦૨૦ ના રોજ પેરાલીસીસ નો એટેક આવતાં તેઓ નું જમણી સાઇડ નું અંગ પુરેપુરું લકવાગ્રસ્ત થઇ ગયેલ છે, તેઓને બોલવામાં તકલીફ પડે છે, તેઓ આશરે અઢી વરસ ઉપરાંતથી પથારીવશ છે અને તેઓની સાર-સંભાળ તથા તેઓની દૈનીક ક્રિયાઓ કરાવવા માટે ફરજીયાત પણે અરજદારે હાજર રહેવું પડે છે. અરજદાર ના પિતા રૂપેન્દ્ર ગોપીજી શર્માની તબીયત સારી રહેતી ન હોય અરજદારના પિતાએ પોતાના વતનમાં રહેવા જવાની જીદ પકડતાં નાછૂટકે અરજદારે આશરે પાંચ માસ પહેલા તેઓના માતા-પિતા તથા પત્ની બાળકો સાથે મુકામ પોસ્ટ- ડીડવાના, જીલ્લાઃ નાગોર, રાજસ્થાન મુકામે રહેવા જતાં રહેલ છે. અરજદાર ના બાળકોનો અભ્યાસ ન બગડે તેના માટે તેઓને મુકામ પોસ્ટ- ડીડવાના, જીલ્લાઃ નાગોર, રાજસ્થાન મુકામે સ્કુલમાં દાખલ કરેલાં છે. અરજદાર જામીન પર છુટ્યા બાદ તપાસ પુરી થતાં સુધી દરેક અંગ્રેજી માસની ૫ મી તારીખે સવારના ૦૯.૦૦ થી ૦૩.૦૦ કલાકની વચ્ચે ગોરવા પોલીસ સ્ટેશનમાં નિયમીત રીતે હાજરી પુરાવે છે. સદર ગુનાના

કામે બે વર્ષ ઉપરાંત નો સમય થયો હોવા છતાં આજદીન સુધી કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ થયેલ નથી, જેથી અરજદારની પરીસ્થિતી ધ્યાને લઇ આગોતરા જામીન અરજીના હુકમ વખતે મુકેલી શરત નં.૫ ને રદ કરવા માટે હાલની અરજ કરેલ છે.

૩. અરજી અન્વયે સરકારને નોટીસ કાઢતાં , ફરિયાદ પક્ષે સરકારી વકીલશ્રી બી.એસ.પુરોહિત હાજર થયેલ છે અને તપાસ કરનાર અમલદારનું વિગતવારનો અભિપ્રાય આંક–૦૫ થી રજુ થયેલ છે અને હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

૪. અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી આઇ.એ. શેખ તથા ફરિયાદી/સામાવાળા પક્ષે સરકારી વકીલ શ્રી પુરોહિત ની દલીલો સાંભળી.

૫. અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી આઇ.એ. શેખ દ્વારા અરજીની વિગતો અન્વયે દલીલ કરતાં જણાવેલ છે કે અરજદાર ના પિતા રૂપરામ ઉર્ફે રૂપેન્દ્ર ગોપીજી શર્મા નાઓને તા.૧૪.૦૧.૨૦૨૦ ના રોજ પેરાલીસીસ નો એટેક આવતાં તેઓ નું જમણી સાઇડ નું અંગ પુરેપુરું લકવાગ્રસ્ત થઇ ગયેલ છે, તેઓને બોલવામાં તકલીફ પડે છે, તેઓ આશરે અઢી વરસ ઉપરાંતથી પથારીવશ છે. તેઓ ની સાર–સંભાળ તથા તેઓ ની દૈનીક ક્રિયાઓ કરાવવા માટે ફરજીયાત પણે અરજદારે જવું પડે છે. વધુમાં અરજદાર તરફે એવી દલીલ છે કે અરજદાર જામીન પર છુટ્યા બાદ તપાસ પુરી થતાં સુધી દરેક અંગ્રેજી માસની ૫ મી તારીખે સવારના ૦૯.૦૦ થી ૦૩.૦૦ કલાકની વચ્ચે ગોરવા પોલીસ સ્ટેશનમાં નિયમીત રીતે હાજરી પુરાવે છે સદર ગુનાના કામે બે વર્ષ ઉપરાંત નો સમય થયો હોવા છતાં આજદીન સુધી કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ થયેલ નથી તેમજ સદર ગુનાની ચાર્જશીટ ક્યારે થાય તે કહી શકાય તેમ નથી, જેથી અરજદારની પરીસ્થિતી ધ્યાને લઇ આગોતરા જામીન અરજીના હુકમ વખતે મુકેલી શરત નં.૫ ને રદ કરવા માટે હાલની અરજ કરેલ છે.

૬. સરકાર તરફે વિ. એ.પી.પી શ્રી પુરોહિતે જો શરતમાં ફેરફાર કરવામાં આવશે તો આરોપી ટ્રાયલ વખતે હાજર રહેશે નહીં તેવી દહેશત હોઇ અરજી નામંજુર કરવા જણાવેલ છે.

૭. સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા આંક.૦૫ થી રજૂ કરવામાં આવેલ અભિપ્રાય વંચાણે લેતાં તેમાં જણાવેલ છે કે આ કામના અરજદાર/આરોપી હરીશ રૂપેન્દ્ર શર્મા

વિરૂધ્ધ દાખલ થયેલ ગુનાની તપાસ હાલમાં ચાલુમાં છે અને અરજદાર/આરોપી તેઓની હાલની અરજી માં જણાવ્યા મુજબ ડીડવાના જીલ્લાઃ નાગોર (રાજસ્થાન) ખાતે ગુજરાત રાજ્ય બહાર રહેતાં હોવાનું જણાવેલ છે જેથી જો તેઓની આગોતરા જામીન અરજી ની શરત નં.૫ માં ફેરફાર કરવામાં આવશે તો તેઓ સદરહુ ગુના લગત ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરે કે સાહેદોને નુકશાન પહોંચાડે તેવી શક્યતા હોય તેમજ અરજદાર/આરોપી એ હાલનો ગુનો આર્થિક મિલકત સબંધી ગંભીર પ્રકાર નો ગુનો કરેલ હોય જેથી અરજદાર/આરોપી ની આગોતરા જમીન અરજી ની શરત નં.૫ માં ફેરફાર નહીં કરવા અભિપ્રાય આપેલ છે.

૭.૧. બંને પક્ષકારોના વિ.વકીલ શ્રીઓ ની રેકર્ડ પર રજુ થયેલ દલીલો ધ્યાને લીધી તેમજ આ કેસના તપાસ કરનાર અમલદાર દ્વારા આંકઃ ૦૫ થી રજુ થયેલ અભિપ્રાય વંચાણે લીધો. અત્રે એ નોંધવું જરૂરી છે કે હાલના અરજદાર/આરોપી એ વડોદરાના વિધ્વાન ૧૩માં અધિક સેશન્સ જજ શ્રી ની કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૩૨/૨૦૨૦ ની આગોતરા જામીન અરજી કરેલી, જે આગોતરા જામીન અરજી કોર્ટ દ્વારા તા.૦૬.૦૭.૨૦૨૦ ના રોજ શરતો ને આધીન મંજુર કરવામાં આવેલી જે શરતો પૈકી શરત નં.૫ "અરજદાર/આરોપી એ જામીન ઉપર છુટ્યા બાદ તપાસ પુરી થતાં સુધી દરેક અંગ્રેજી માસની ૫ મી તારીખે સવારના ૯.૦૦ થી ૩.૦૦ કલાકની વચ્ચે સબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી". પરંતુ આ કામે અરજદાર/આરોપી તરફે કરવામાં આવેલ રજુઆત મુજબ અરજદાર ના પિતા રૂપરામ ઉર્ફે રૂપેન્દ્ર ગોપીજી શર્મા નાઓને તા.૧૪.૦૧.૨૦૨૦ ના રોજ પેરાલીસીસ નો એટેક આવતાં તેઓ નું જમણી સાઇડ નું અંગ પુરેપુરું લકવાગ્રસ્ત થઇ ગયેલ છે, તેઓને બોલવામાં તકલીફ પડે છે, તેઓ આશરે અઢી વરસ ઉપરાંતથી પથારીવશ છે. તેઓ ની સાર–સંભાળ તથા તેઓ ની દૈનીક ક્રિયાઓ કરાવવા માટે ફરજીયાત પણે અરજદારે હાજર જવું પડે છે. અરજદારે અંગ્રેજી માસની ૫ મી તારીખે ગોરવા પોલીસ સ્ટેશન માં હાજરી પુરાવવા માટે ફરજીયાત પણે એક વ્યક્તિને બે દિવસ માટે અરજદારના પિતા ની સાર સંભાળ તથા તેઓની દૈનીક ક્રિયાઓ કરાવવા માટે રોકવો પડે છે, અમુક સમયે કોઇ વ્યક્તિ મળતો પણ નથી તેવી રજુઆત કરવામાં આવેલ છે. આ ઉપરાંત જોવામાં આવે તો અરજદાર/આરોપી હાજરી પુરાવતાં નથી તેવી કોઇ રજુઆત નથી કે અરજદાર/આરોપી એ શરતનો ભંગ કરેલ છે તેવી પણ રજુઆત નથી. તપાસ કરનાર અમલદારે કોર્ટ રૂબરૂ જણાવેલ છે કે તેઓને તપાસના કામે આરોપીની હાજરીની જરૂર નથી અને હજુ ચાર્જશીટ રજુ થયેલ નથી.

૭.૨. આ કામે અરજદાર/આરોપી તરફે નિશાનીઃ ૩/૨ થી સનસાઇન ગ્લોબલ હોસ્પિટલ તરફથી આપવામાં આવેલ ડીસ્ચાર્જ સમરી ની ઝેરોક્ષ નકલ તથા નિશાનીઃ ૩/૩ થી ડૉક્ટર સી.પી.પારીક નાઓએ આપેલ સર્ટીફીકેટ તથા નિશાનીઃ ૩/૪ થી અરજદારના પિતા રૂપરામ ઉર્ફે રૂપેન્દ્ર શર્મા ની હાલની પરિસ્થિતી દર્શાવતો ફોટોગ્રાફ રજુ કરેલ છે, જે ધ્યાને લેતાં અરજદારે કરેલ રજુઆત ને સમર્થન મળે છે. આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા આંકઃ ૦૫ થી રજુ કરવામાં આવેલ અભિપ્રાય માં હાલના ગુન્હા ના કામની તપાસ ચાલુ છે તેવી હકીકત દર્શાવેલ છે પરંતુ, અરજદાર/આરોપી એ અરજી માં જે હકીકતો દર્શાવેલ છે તે હકીકતો સંદર્ભે કોઇ વિરૂધ્ધ ની રજુઆત કરેલ નથી.

૮. આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતાં અરજદારની અરજી મંજુર કરી ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૩૨/૨૦૨૦ માં શરત નં.૫ ફરમાવેલ છે તે શરત રદ કરવા માટે વ્યાજબી કારણો જણાય છે. પરિણામે, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુ ક મ ઃ–**

અરજદાર–આરોપી **હરીશ રૂપરામ ઉર્ફે રૂપેન્દ્ર શર્મા** , ઉંમરઃ ૪૦, ધંધોઃ વેપાર, રહેવાસીઃ એ–૧૭, શીવમ રેસીડન્સી, રેવા પાર્ટી પ્લોટ પાસે, તરસાલી બાયપાસ, વડોદરા, હાલ રહે.મુનીમજી કી બાડી, સુભાષ કોલોની, કુચામન રોડ, ડીડવાના, જિલ્લાઃ નાગોર નાઓ ની હાલની અરજ મંજુર કરી ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૩૨/૨૦૨૦ ની આગોતરા જમીન અરજીના હુકમ ની શરત નં.૫ "અરજદાર/આરોપી એ જામીન ઉપર છુટ્યા બાદ તપાસ પુરી થતાં સુધી દરેક અંગ્રેજી માસની ૫ મી તારીખે સવારના ૦૯.૦૦ થી ૦૩.૦૦ કલાક ની વચ્ચે સબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી" ને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. અરજદાર/આરોપીએ અન્ય શરતો નું પાલન કરવાનું રહેશે.

હુકમ ની યાદી સબંધી પોલીસ સ્ટેશનને કરવી.

**હુકમ આજ રોજ તારીખઃ ૧૦ મી ઓક્ટોબર ૨૦૨૨ના રોજ જાહેર કર્યો.**

**તારીખઃ ૧૦.૧૦.૨૦૨૨**
**સ્થળઃ વડોદરા**

**(રાજેન્દ્ર એચ. પ્રજાપતિ)**
**૧૦મા એડીશ્નલ સેશન્સ જજ,**
**વડોદરા (જીજે–૦૦૮૮૯).**

A.K.Patel.